# ...ને પેથાપુર સર્કલ પાસે ધનાધન ગોળીઓ છુટી

**પેથાપુરના બુટલેગર પર લીસ્ટેડ જુગારીનું ફાયરીંગ : લોડેડ ગન લઈને બાઈક પર આવેલા જુગારીએ બુટલેગર પર નિશાન તાકીને છ રાઉન્ડ ફાયર કર્યા : કારતુસના પાંસ કેશ પોલીસને મળ્યા : રૂપિયાની લેતીદેતીમાં જીવલેણ હુમલો**






(તસવીર : વિપુલ ચૌહાણ)

ગાંધીનગર, તા. ૧૯


ગાંધીનગર નજીક પેથાપુર સર્કલ પાસે સ્થિત નટરાજ પાર્લર સામે રવિવારે મોડી સાંજે ધનાધન ગોળીબાર થતા પેથાપુર પંથકમાં સન્નાટો મચી ગયો હતો. બાઈક પર આવેલા લીસ્ટેડ જુગારીએ પેથાપુરના બુટલેગર સ્ટેલી પર છ રાઉન્ડ ફાયરીંગ કરી ત્યાંથી ભાગી ગયો હતો. રૂપિયાની લેતીદેતીમાં તકરાર થયા બાદ જીવલેણ હુમલો થયો હોવા અંગેની સ્ટેલીના ભાઈએ આપેલી ફરીયાદને આધારે પેથાપુર પોલીસે ગુનો દાખલ કરી ફરાર થઈ ગયેલા આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. ત્રણ-ત્રણ ગોળીઓથી ઘવાયેલા સ્ટેલીની ગંભીર હાલતમાં એપોલો હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ પેથાપુર સર્કલ પાસે નટરાજ પાર્લર નજીક રવિવારે મોડી સાંજે પેથાપુરના બુટલેગર શૈલેન્દ્રસિંહ ઉર્ફે સ્ટેલી શંકરસિંહ વાઘેલા તથા પેથાપુરના લીસ્ટેડ જુગારી જીતેન્દ્રસિંહ નટવરસિંહ વાઘેલા વચ્ચે રૂપિયાની લેવડ-દેવડમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. ગાળાગાળી બાદ જીતેન્દ્રસિંહ અને વિક્રમસિંહ અર્જુનસિંહ વાઘેલા બંને બાઈક પર નીકળી ગયા હતા. થોડી જ મિનિટોમાં તે બંને બાઈક પર પાછા ફર્યા અને જીતેન્દ્રસિંહ બાઈક પરથી લોડેડ ગન લઈને ઉતર્યો ને સ્ટેલી પર નિશાન તાકીને આડેધડ ફાયરીંગ કરવા લાગ્યો હતો. સ્ટેલીને માથે, ખભે અને પીઠના ભાગે ગોળીઓ વાગતા ઢળી પડ્યો હતો અને ફાયરીંગ કરી જીતેન્દ્રસિંહ અને વિક્રમસિંહ બંને બાઈક પર ફરાર થઈ ગયા હતા. સ્ટેલીનો નાનો ભાઈ મહાવિરસિંહ પણ ઘટનાસ્થળે જ હાજર હતો. ઘાયલ ભાઈને સ્વીફ્ટ ગાડીમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જઈ વધુ સારવાર માટે ગંભીર હાલતમાં એપોલો લઈ જવાયો હતો. જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. સ્ટેલીના શરીરમાંથી બે ગોળીઓ નીકાળવામાં આવી છે. પેથાપુર પોલીસમથકના સિનિ. પીએસઆઈ એસ.જે. વાઘેલાએ સ્ટેલીના ભાઈ મહાવિરસિંહની ફરીયાદને આધારે બંને સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આરોપીઓના ઘરે ચર્ચ કરાયુ પરંતુ કોઈ હાથ આવ્યુ ન હોવાનુ અને આરોપીઓ અંડરગ્રાઉન્ડ થઈ ગયા હોવાનું પોલીસ જણાવી રહી છે. તો બીજી તરફ આ ઘટનાને પગલે પેથાપુર ગામમાં પરિસ્થિતિ તંગ થઈ જતા પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

## ગેંગવોર થવાની દહેશત : ગામમાં બંદોબસ્ત ગોઠવાયો

પેથાપુરમાં બુટલેગર પર ફાયરીંગ બાદ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ થઈ જવા પામી હતી. એક તરફ લીસ્ટેડ જુગારી દ્વારા ફાયરીંગ કરવામાં આવ્યું હતું. તો બીજી તરફ બુટલેગર નિશાન હતો. બંનેની ગેંગ મજબુત હોવાથી ઉશ્કેરાટમાં ગેંગવોર થઈ જાય તેવી દહેશતને પગલે પેથાપુર વિસ્તારમાં પોલીસ અને એસઆરપીનો પોઈન્ટ મુકીને બંદોબસ્ત મુકી દેવામાં આવ્યો હતો.



## સ્ટેલી પર ફાયરીંગ બાદ પેથાપુર બંધ કરાવાયુ

પેથાપુરના લીસ્ટેડ જુગારીએ પેથાપુરના જ બુટલેગર સ્ટેલી ઉપર કરેલા ફાયરીંગ બાદ ગામમાં સન્નાટો મચી ગયો હતો. આ ઘટના બાદ પેથાપુરમાં શોપીંગ સેન્ટરો અને લારી-ગલ્લાઓને શટર પડાવી દેવડાવી પેથાપુર આખુ બંધ કરાવાઈ દેવામાં આવ્યું હતું.

## કારતુસના પાંચ ખોખા મળી આવ્યા

બુટલેગર પર ફાયરીંગ કરીને લીસ્ટેડ જુગારી ફરાર થઈ ગયો છે. તેણે કરેલા છ રાઉન્ડ ફાયરીંગ પૈકી પાંચ કારતુસના ખોખા પોલીસને મળી આવ્યા છે. બે કારતુસ સ્ટેલીના શરીરમાંથી તથા ત્રણ ફુટેલા કારતુસના ખોખા મળી આવતા પોલીસે કબજે કર્યા છે. ફાયરીંગમાં તમંચો નહી પરંતુ રિવોલ્વર વપરાઈ હોવાની શક્યતા છે. પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.



**પોલીસ બંદોબસ્તમાં વ્યસ્ત; પ્રજા રામ ભરોસે**

# હજુ એક મહિનો પોલીસે બંદોબસ્ત કરવો પડશે

**વાઈબ્રન્ટ સમિટનો બંદોબસ્ત માંડ પુરો થયો ત્યાં ફેબ્રુઆરીમાં પ્લાસ્ટો ઈન્ડીયા એક્ઝીબીશન અને વિધાનસભા માટે બંદોબસ્ત સ્કીમ બનાવવાનું કામ શરૂ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે મહિનાથી પોલીસ જ પોલીસ દેખાય છે, પરંતુ પોલીસ સ્ટેશનો ખાલીખમ રહે છે. માંડ હજુ વાઈબ્રન્ટનો બંદોબસ્ત પુર્ણ થયો ત્યાં હજુ બે બંદોબસ્ત માટે પોલીસે તૈયારી શરૂ કરી દીધી છે. ફેબ્રુઆરી માસમાં વર્લ્ડ પ્લાસ્ટો ઈન્ડીયા એક્ઝીબીશન અને વિધાનસભા યોજાશે. બંનેના બંદોબસ્તની તૈયારી કરાઈ રહી છે. પોલીસે સતત બંદોબસ્તમાં વ્યસ્ત રહેવુ પડે છે ત્યારે ગાંધીનગરની પ્રજા તથા તેમની સલામતી રામ ભરોસે થઈ ગઈ છે. એક તરફ પોલીસની હાલત કફોડી છે તો બીજી તરફ પ્રજાની પણ..! હવે તો પ્રજા પણ બંદોબસ્ત માટે અલગ ફોર્સ ઉભી કરાય તેમ ઈચ્છી રહી છે.

પોલીસની સતત બંદોબસ્તમાં વ્યસ્તતાને પગલે સીધી અસર ગુનાખોરીના ગ્રાફમાં દેખાઈ રહી છે. વાઈબ્રન્ટ સમિટમાં પોલીસે બંદોબસ્ત ખુબ વ્યવસ્થિત કર્યો. પરંતુ જિલ્લામાં પુરતુ ધ્યાન ન આપી શકતા ચોરી, ઘરફોડ સહિતની ગુનાખોરી વધી જવા પામી હતી. આ વાઈબ્રન્ટ સમિટ પૂર્ણ થયા બાદ પોલીસે હજુ રાહતનો દમ લીધો છે ત્યાં એક મહિનો હજુ બંદોબસ્ત કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ફેબ્રુઆરી માસમાં વિશ્વનું સૌથી મોટુ એક્ઝીબીશન વર્લ્ડ પ્લાસ્ટો ઈન્ડીયા ગાંધીનગર ખાતે યોજાનાર છે. તે ઉપરાંત વિધાનસભા સત્ર પણ ફેબ્રુઆરી માસમાં મળે તેવી શક્યતા છે. જેને પગલે બંદોબસ્ત સ્કીમ બનાવવાની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ગાંધીનગર પોલીસે સતત બંદોબસ્તમાં વ્યસ્ત રહેવુ પડતુ હોવાથી પ્રજાની જાન-માલની સુરક્ષા પર પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે. ગાંધીનગર ઉપરાંત અન્ય કેટલાક જિલ્લાઓની પોલીસ પણ આ બંદોબસ્તમાં મુકવામાં આવતી હોવાથી જે તે જિલ્લાઓમાં પણ આવી જ સ્થિતિ ઉદ્ભવે છે. જેને પગલે હવે બંદોબસ્ત માટે અલગથી જ ફોર્સ ઉભી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# કિસાન સંઘનું આંદોલન સંપૂર્ણપણે સમાપ્ત જાહેર

**ભારતીય કિસાન સંઘ અને સરકાર વચ્ચે થયેલા સમાધાન બાદ કિસાનસંઘે આંદોલનને સમાપ્ત થયેલુ જાહેર કર્યું**

ગાંધીનગર, તા.૧૯

ખેડ પેદાશોના ભાવ સહિતના વિવિધ મુદ્દાઓ સાથે સરકાર સામે આંદોલન ચઢેલા ખેડૂતો અને સરકાર વચ્ચે વિવિધ મુદ્દાઓ પર સમાધાન થતા આખરે ખેડૂતોનું આંદોલન સંપૂર્ણપણે સમાપ્ત થયેલું જાહેર કરાયું છે.

ગુજરાતના ખેડૂતોને કંપાસ સહિતની ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો ન મળતા ગુજરાતના ખેડૂતો આંદોલનના માર્ગે વળ્યા હતા. ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ વિવિધ સ્થળોએ કિસાનોના આંદોલનો યોજાયા હતા. જો કે સરકાર અને કિસાનો વચ્ચે સમાધાન કરાવાના પ્રયાસના ભાગરૂપે છેલ્લે ૧૬મી જાન્યુઆરીના રોજ ભારતીય કિસાન સંઘ અને સરકાર વચ્ચે કેટલાક મુદ્દાઓ અંગે સર્વ સંમતિથી સમાધાન થતા આંદોલનને સમાપ્ત થયેલું જાહેર કરાયું છે. ચર્ચા વિચારણા અને સમજુતિથી મિટિંગમાં સુખદ સમાધાન થયું છે અને ભારતીય કિસાન સંઘ દ્વારા આંદોલનને પૂર્ણ કરવાની પ્રદેશ કારોબારીની કોર ટીમ દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

બેઠકમાં થયેલી ચર્ચા મુજબ ૧૧૦૦ કરોડના પેકેજથી રાજયના ખેડૂતોના ૬ માસના કૃષિ વિજ બીલ તથા સહકારી કે રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી લીધેલ પાક ધીરાણના ૫૦ ટકા વ્યાજ રાહત આપવી, કૃષિ વીજમાં લેવાતા ફયુઅલ ચાર્જ પેટે રૂ. ૨૫૦ કરોડ માફ કરવા (સરકારે ભરવા), કેનાલ દ્વારા ખેતરમાં પાણી આપવાને બદલે પાઈપ લાઈનથી પાણી આપવા માટે સરકાર દ્વારા ૫ લાખ હેકટરને પાઈપ લાઈન માટે રૂ. ૨૦૦૦ કરોડની ફાળવણી કરવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ગુજરાત વહિવટી સેવા (GAS) સંવર્ગમાંથી ભારતીય સનદી સેવા (IAS)માં પસંદગી પામેલા ૧૯ અધિકારીઓએ આજે શુભેચ્છા મૂલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ અધિકારીઓને IASમાં પસંદગી માટે અભિનંદન આપતાં રાજય સેવામાં-સામાન્ય માનવીની સુખાકારીમાં તેમનું યોગદાન કર્મયોગ ભાવે મળતું રહે તેવી શુભેચ્છાઓ આપી હતી.

# દ્વારકાને હેરિટેજ સિટી તરીકે વિકસાવવા માટે તૈયારીઓ

**હૃદય યોજના હેઠળ હેરિટેજ સિટીના વિકાસ માટે કેન્દ્ર દ્વારા ૧૦૦ ટકા અનુદાન અપાશે : દ્વારકાને ૨૦ કરોડ**

અમદાવાદ, તા.૧૯

કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલય અંતર્ગત રચાયેલ હેરિટેજ સીટી ડેવલપમેન્ટ એન્ડ ઓગમેન્ટેશન યોજના હૃદય હેઠળ દેશના વિવિધ ૧૨ શહેરોને હેરિટેજ સિટી તરીકે વિકસાવવાનું નક્કી કરાયુંછે. આ ૧૨ શહેરોમાં ગુજરાતીમાંથી ભગવાન શ્રી કૃષ્ણની ઐતિહાસીક-ધાર્મિક નગરી દ્વારકાને હેરિટેજ સિટી તરીકે વિકસાવવા માટે પસંદ કરવામાં આવી છે.હૃદય યોજના હેઠળ હેરિટેજ સિટીના વિકાસ માટે કેન્દ્ર દ્વારા ૧૦૦ ટકા અનુદાન આપવામાં આવશે. તદઅનુસાર કેન્દ્ર સરકાર દ્વારા દ્વારકાને ૨૦ કરોડ રૂપિયાનું અનુદાન મળશે. આ યોજનાનો સમયગાળો ડિસેમ્બર-૨૦૧૪થી માર્ચ-૨૦૧૮ એમ ચાર વર્ષ નક્કી કરાયો છે. હૃદય યોજનામાં ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રકચરની ચાર થીમ ઉપર ખાસ ભાર મૂકવામાં આવશે. પસંદગી કરાયેલા દેશના હેરિટેજ શહેરોમાં પાયાની સુવિધાઓ જેવી કે પાણી, ગટર, શૌચાલય, રોડ કનેકટીવીટી. સ્ટ્રીટ લાઈટ, સાઈન બોર્ડ, સીસીટીવી કેમેરા, ટુરિસ્ટ મેપ, વેબસાઈડ વિકસાવવી, ડિજિટલ ઈન્ફોરમેશન કિયાસ્ક અને સમગ્ર સિટીને વાઈ-ફાઈથી જોડવામાં આવશે. જેના કારણે હેરિટેજ સિટીમાં કલ્ચર-પ્રવાસન ઉદ્યોગોને વેગ મળશે અને સાથે સ્થાનિક રોજગારને બળ મળશે.

## પ્રાર્થનાજલિ



**સ્વ. જે. પી. મહેતા**

સ્વર્ગવાસ તા. ૨૦-૧-૨૦૧૧

એકાંતમાં રડી લઇશું જ્યારે આવશે તમારી યાદ
કુદરત રૂઠે ત્યાં કોને કરવી ફરીયાદ
હસીને હસાવનાર સદાબહાર અમોને રડાવી ગયા
તમે અણધારી વિદાય એવી લીધી કે
અમારે ભરબપોરે સુરજ આથમી ગયો
તમારે લાગણીશીલ સ્વાભાવ ક્યારેય વિસરશે નહિ
અને તમારી ખોટ કદી પુરાશે નહિં.

લિ.

ગં.સ્વ. પદ્માબેન મહેતા
રાજુલ - સ્નેહા - શ્રેયા - પ્રહરકુમાર - હિતા
નિપુલ - ક્રિષ્ના - નીલ - જયમીન
સુકેતુ - જીજ્ઞા - નિધી

## સ્થાનકવાસી જૈન પ્રાર્થના સભા



અમરેલી નિવાસી (હાલ ગાંધીનગર) રસિકલાલ કરસનદાસ પારેખ (નિવૃત્ત નાયબ માહિતી નિયામક) તા. ૧૯/૧/૧૫ને સોમવારે અરિહંતશરણ પામેલ છે. સદ્ગતની પ્રાર્થના સભા તા. ૨૦/૧/૨૦૧૫ને મંગળવારે સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ઢોરના ડબ્બા પાછળ, સેક્ટર-૨૨, ગાંધીનગર

લી. કલાબેન રસિકલાલ પારેખ (પત્ની)

| | |
|---|---|
| કાન્તીલાલ કરસનદાસ પારેખ (ભાઈ) | વિલાસબેન મહેન્દ્રભાઈ ટીંબાડીયા (બહેન) |
| ભરતભાઈ રસિકલાલ પારેખ (પુત્ર) | અ.સૌ. રૂપા ભરતભાઈ પારેખ (પુત્રવધુ) |
| મુકેશ રસિકલાલ પારેખ (પુત્ર) | અ.સૌ. દિવ્યા મુકેશ પારેખ (પુત્રવધુ) |
| લીના જીતેન્દ્ર જસાણી (પુત્રી) | દિપ્તી રાજેશ કામદાર (પુત્રી) |
| રશ્મી હસમુખ દોશી (પુત્રી) | પ્રીયા, નિલીમા, ધારા (પૌત્રી) |

નિવાસસ્થાન : પ્લોટ ૧૦૭૨, શ્રીહરીપાર્ક સોસાયટી, સે.૨ડી, ગાંધીનગર. ફોન : ૩૨૦૬૨૫૫૬

**GUJARAT COUNCIL ON SCIENCE & TECHNOLOGY**
Department of Science and Technology, Govt. of Gujarat
Block - B, 7th floor, M. S. Building, Sector - 11, Nr. Pathikashram, Gandhinagar, Gujarat 382011 Phone: 079-23259362,
Email: gujcost.gujarat@gmail.com, Website: www.gujcost.gujarat.gov.in

**SHORT TENDER NOTICE FOR STATIONERY MATERIALS**

Gujarat Council on Science and Technology (GUJCOST), working under the aegis of the Department of Science & Technology, Government of Gujarat is organizing and coordinating a series of scientific programmes and outreach activities for the promotion of S&T education research and development in the state.

GUJCOST invites sealed Tender from registered agencies to print and supply office stationery material for its day-to-day activities.

Interested and reputed agencies having work experience are requested to collect tender documents from the GUJCOST office during working hours on a payment of Rs.500/- as tender fees from 20/01/2015 to 31/01/2015 or can be downloaded from the GUJCOST website www.gujcost.gujarat.gov.in and submit the same with an EMD of Rs.10,000/- in favour of Member Secretary, Gujarat Council on Science & Technology, Gandhinagar. Last date of the complete Tender document submission is 31/01/2015 at 17:00 hrs. GUJCOST reserves the right to accept / reject any or all tenders without assigning any reasons whatsoever.

Date : 20/01/2015

Advisor & Member Secretary
GUJCOST

Since 1986
अभय
ISO 9001:2008
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com